# આસપાસ ચોપાસ



## મરચાંની ખેતી કરી જયરામભાઈ ચૌધરીએ ખેડૂતોને નવી રાહ ચીંધી

પાંઢરમાળ ગામના નિવૃત્ત શિક્ષક જયરામભાઈ ચૌધરીએ પોતાના જમીનમાં સફળ મરચાંની ખેતી કરી અન્ય ખેડૂતો માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ગામના નિવૃત્ત શિક્ષક જયરામભાઈ ગાવીતે પોતાની જમીનના ક્યારાઓમાં પાળી બનાવી મરચાંની ખેતી શરૂ કરી છે. હાલ તેઓ મરચાંની ખેતીમાં સફળ થયા છે. નિવૃત્ત શિક્ષક મરચાંની ખેતી થકી લાખોની આવકનું સર્જન કરી રહ્યા છે. સાથે આસપાસના વિસ્તારમાં પણ રોજગારી આપી રહ્યા છે.



## પાણી માટે 3 મોટી અને અન્ય નાની ટાંકી ઉપલબ્ધ, બોરની પણ સુવિધા



પાંઢરમાળ ગામમાં પાણીની સુવિધા વિશે ચર્ચા કરીએ તો આ ગામને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલું છે. આ ગામમાં લોકોને સ્ટેન્ડ પોસ્ટ આધારિત પાણી આપવામાં આવે છે. અહીં જળ સે નળ યોજના અંતર્ગત ઘરદીઠ નળ કનેક્શનની સુવિધા પૂરી પાડી ઘરે-ઘરે પાણી પહોંચાડવા માટે 3 મોટી અને અન્ય નાની ટાંકી બનાવવામાં આવેલી છે. તેવામાં આ ગામમાં પાણી પુરવઠા વિભાગની પાણીની યોજના સાર્થક સાબિત થઈ છે. આ ગામમાં સરકારી તથા ખાનગી મળી કુલ 15થી વધુ બોર પણ ઉતારી આપવામાં આવ્યા છે, જેમાં ઉનાળાના આખરના મહિના સુધી પાણી મળી રહે છે. આ ગામ પૂર્ણા નદીને સાંકળતું હોવાથી આખર સુધી પાણીની સુવિધાઓ મળી રહે છે.

## ડુબાઉ નાળાં અને કોઝવે કમ પુલને ઊંચા કરવાની જરૂર

પાંઢરમાળ ગામના બે આંતરિક માર્ગ જિલ્લા પંચાયત માર્ગ-મકાન વિભાગની ગ્રાન્ટમાંથી નવીનીકરણ કરવામાં આવ્યા છે. જે માર્ગોની હાલત સારી છે. પરંતુ આ ગામને જોડતું એક ડુબાઉ નાળું તથા કોઝવે કમ પુલ ચોમાસાની ઋતુમાં કાયમ જ ઊંડા પાણીમાં ગરક થઈ જતા હોવાથી ગ્રામજનોને સંપર્કવિહોણા બનવું પડે છે. જેથી વહીવટી તંત્ર આ ડુબાઉ નાળાં અને કોઝવે કમ પુલને ઊંચા કરે તેવી લોકમાંગ ઊઠી છે. પાંઢરમાળ ગામમાં ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા અમુક ફળિયાંમાં પેવર બ્લોક અને સીસી માર્ગો બનાવવામાં આવ્યા છે. જે પેવર બ્લોક અને સીસી માર્ગોની હાલત એકંદરે ખૂબ જ સારી છે. જ્યારે અમુક જગ્યાએ હજુ પણ પેવર બ્લોક માર્ગોની જરૂરિયાત લાગી રહી છે. સાથે પાંઢરમાળ ગામે બંને ફળિયાંમાં અમુક જગ્યાએ ગટરલાઈનની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. અમુક જગ્યાએ સમથળ જગ્યાઓ હોય જ્યાં પાણીનો ભરાવો રહે છે. જ્યારે અમુક ટેકરાળ જગ્યા હોવાથી નજીકની પૂર્ણા નદીમાં પાણી સહેલાઈથી ઊતરી જાય છે.



## ગોદડિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં પાંચ ગામનો સમાવેશ



ગોદડિયા ગ્રુપ ગ્રામ પંચાયત (પાંઢરમાળ, કોષમાળ, પાતળી, ગોદડિયા અને વાંકન)ની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલનો ભવ્ય વિજય થયો છે. વર્ષોથી ભાજપ સાથે અડીખમ રહેલા પાંઢરમાળ ગામનાં મહિલા આગેવાન શાંતાબેન દિલીપભાઈ ચૌધરી સરપંચ તરીકે દબદબાભેર ચુંટાઈ આવ્યાં છે, જ્યારે ધર્મેન્દ્રભાઈ ગાવીત સભ્ય તરીકે વિજેતા બન્યા છે. કાલીબેલ તાલુકા અને જિલ્લા પંચાયત સીટ પર પણ ભાજપનું વર્ચસ્વ જોવા મળી રહ્યું છે. નવનિર્વાચિત સરપંચ શાંતાબેન ચૌધરીએ તલાટી કમ મંત્રી, તાલુકા અને જિલ્લા સદસ્યોના માર્ગદર્શન હેઠળ ગામમાં વિકાસકીય કામોને વધુ ઝડપી બનાવવાની નેમ વ્યક્ત કરી છે.

## 69 ટકા લોકો સાક્ષર

પાંઢરમાળ ગામના લોકોના શિક્ષણ ક્ષેત્ર વિશેની વાત કરીએ તો 69 ટકા જેટલો સાક્ષરતા દર જોવા મળે છે. આ ગામમાં મોટા ભાગનાં પુરુષો અને સ્ત્રીઓ સાક્ષર જોવા મળે છે.



## આંગણવાડી જર્જરિત, માસૂમ ભૂલકાં લાચાર

પાંઢરમાળ ગામની આંગણવાડી આઈ.સી.ડી.એસ. વિભાગની ઘોર બેદરકારીના કારણે જર્જરિત બની ગઈ છે. પરિણામે ૪૩ માસૂમ ભૂલકાં હાલ ગામની પ્રાથમિક શાળાના ઓરડામાં અભ્યાસ કરવા મજબૂર બન્યાં છે. આ ગામમાં આંગણવાડીમાં વર્કર તરીકે નિર્મળાબેન દિલીપભાઈ ચૌધરી તથા તેડાગર તરીકે પવનાબેન સુરેશભાઈ ઠાકરે ફરજ બજાવે છે. બીજી તરફ ગામની ૧થી ૫ ધોરણની પ્રાથમિક વર્ગ શાળામાં ૨૬ બાળકો અભ્યાસ કરી રહ્યાં છે. શાળાના આચાર્ય સન્મુખભાઈ ગાવિત અને મદદનીશ શિક્ષક રસીલાબેન ગામીતની નિયમિતતા અને ઉત્સાહપૂર્વકની ઉત્કૃષ્ટ કામગીરીથી ગ્રામજનો ગર્વ અનુભવી રહ્યા છે. શાળામાં બાળકોને શિક્ષણ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સાથે ગુણવત્તાયુક્ત મધ્યાહન ભોજન પીરસવામાં આવે છે. વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કરી રહ્યા છે.



## સ્મશાનના અભાવે ખુલ્લામાં અંતિમક્રિયા કરવી પડે છે

વાર-તહેવારે અહીં સાફસફાઈ કરવામાં આવે છે. પંચાયતે ગામમાં દરેક ઘરોમાં શૌચાલયની વ્યવસ્થા કરી આપી છે. વધુમાં ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા ચાલુ વર્ષમાં ગામમાં ગરીબોને ઈન્દિરા આવાસ અને પ્રધાનમંત્રી આવાસની ફાળવણી કરાઈ છે. પાંઢરમાળ ગામની વર્ષો જૂની સમસ્યામાં સ્મશાનની સમસ્યાનો હજુ સુધી ઉકેલ આવ્યો નથી. આ ગામમાં સ્મશાન ઘર નથી. અહીં ચોમાસામાં અંતિમક્રિયા વેળા ગ્રામજનોને મોટી તકલીફો વેઠવાની નોબત આવે છે. હાલમાં સ્મશાન ઘર ન હોવાથી લોકોને ખુલ્લામાં અગ્નિદાહ આપવો પડે છે. જેથી તાત્કાલિક સ્મશાન ઘર બનાવવાની માંગ ઊઠી છે.

## 24 કલાક વીજળીની સુવિધા

આ ગામમાં દક્ષિણ ગુજરાત વિ.પ્રા.લિ દ્વારા 24 કલાક વીજળી આપવામાં આવે છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની વઘઈ દ્વારા આ ગામમાં 20 જેટલા ખેડૂતોને ખેતીવાડીનાં વીજ કનેક્શન ફાળવી આપી ખેતી ક્ષેત્રે સધ્ધર બનવા માટેનું પ્રોત્સાહન અપાયું છે.

## તલાટી કમ મંત્રી તરીકે શહેનાઝ પટેલ કાર્યરત

ગોદડિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ પાંઢરમાળ ગામમાં તલાટી કમ મંત્રી તરીકે શહેનાઝ વિજય પટેલ કામગીરી કરે છે. તેમના ચાર્જમાં ગ્રુપ ગ્રામ પંચાયતનાં અન્ય ગામડાં પણ આવે છે. હાલ ગ્રુપ ગ્રામ પંચાયત ગોદડિયાની નિયમિત કામગીરી કરી રહ્યાં છે.

## પાંઢરમાળ ગામના સમાજસેવકો અને અગ્રણીઓ

પાંઢરમાળ ગામના વિકાસમાં ગુલાબભાઈ બી.ગાવીત, ગોવિંદભાઈ આર.ચૌધરી, ગોવિંદભાઈ બી.ચૌધરી, ધનજભાઈ એમ.પવાર, જમસુભાઈ એમ.પવાર, ચંદુભાઈ એમ.પવાર, ધર્મેન્દ્રભાઈ આર.ગાવીત, ગોમજયાભાઈ બી.ચૌધરી, સુરેશભાઈ એલ.ઠાકરે, અમુભાઈ આર.ચૌધરી, રતિલાલભાઈ એ.ચૌધરી, મનુભાઈ જી.ભોયે, સુભાષભાઈ બી.ગાવીતનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.



## વડીલોને માન આપવાની પરંપરા આજે પણ જીવંત

પાંઢરમાળ ગામ યુવાનો અને વડીલો વચ્ચે સુમેળભર્યા સંબંધો, વડીલોને માન આપવાની પ્રથા, માતા પિતા અને ગુરુજનો તથા માતા બહેનોનું સન્માન અને આદર ભાવના ધરાવતું ગામ છે. આથી અહીં સંપ ત્યાં જંપનું ઉદાહરણ જોવા મળે છે. ગ્રામજનો નવરાત્રિ, ગણેશ ઉત્સવ, જમાષ્ટમી, હોળી, ડુંગરદેવ, તેરા, નાગપંચમી, રક્ષાબંધન, મકરસંક્રાંતિ, દિવાળી, નાતાલ જેવા તહેવારો સાથે મળી શ્રદ્ધા તથા ધામધૂમપૂર્વક ઉજવે છે.

## જનસમસ્યા કે તકરારનું મહદઅંશે ગામરાહે જ સમાધાન



પાંઢરમાળ ગામના યુવાન આગેવાન દિલીપભાઈ ગોવિંદભાઈ ચૌધરીએ M.A.MED સુધીનું શિક્ષણ મેળવ્યું છે. દિલીપભાઈ ચૌધરી કોન્ટ્રાક્ટ બેઝ પર નોકરી કરી ગામ વિસ્તારમાં અગ્રણી અને લોકસેવક તરીકે સેવા આપી રહ્યા છે. પાંઢરમાળ ગામ સહિત આજુબાજુનાં ગામમાં કોઈપણ મુશ્કેલી તથા કોઈપણ તકરાર હોય તો તેઓ આગેવાનો તથા સરપંચ સાથે મળી બંને પક્ષને ગામના પંચમાં ભેગા કરી મધ્યસ્થી બની સુખદ સમાધાન પણ કરાવી આપે છે. કોર્ટ કેસ કચેરીઓમાં ન જવા માંગતા લોકોનું ગામરાહે જ સમાધાન કરાવી આપે છે. તથા ગામના શિક્ષિત યુવાનો અને યુવતીઓને પણ યોગ્ય માર્ગદર્શન આપી મદદ કરી રહ્યા છે. પાંઢરમાળ ગામનાં યુવા મહિલા સરપંચ શાંતાબેન ચૌધરી અને યુવા આગેવાન દિલીપભાઈ ચૌધરી લોકોની પડખે હંમેશાં ઊભા રહેતાં તેમની લોકચાહના આજે પણ અકબંધ જોવા મળે છે.

## શિક્ષણ મેળવી ગામનું નામ રોશન કરનારાં


પાંઢરમાળ ગામનાં યુવાનો અને યુવતીઓ સરકારની જુદી જુદી પોસ્ટ પર નોકરી કરી ગામનું નામ રોશન કરી રહ્યા છે. પાંઢરમાળ ગામના શિક્ષિતોમાં (1) તેજલભાઈ.એ.ચૌધરી-એન્જિનિયર પ્રોફેસર-મોડાસા, (2) ચૌધરી નિતેશભાઈ જયરામભાઈ-વેટરિનરી ડોક્ટર-ડોલવણ, (3) કૃણાલભાઈ જયરામ ચૌધરી-શિક્ષક-ઉચ્ચતર માધ્યમિક કેળકુઈ, (4) અમ્રતભાઈ બી.ગાવીત-શિક્ષક-પ્રાથમિક શાળા ભેંસકાતરી, (5) શર્મિલાબેન એ.ગાવીત-શિક્ષિકા-પ્રાથમિક શાળા-કરડી ભેંસકાતરી, (6)મુકેશભાઈ બી.ગાવીત-પ્રોફેસર-પોલિટેક્નિક કોલેજ-વલસાડ, (7) ચંપકભાઈ સુરેશભાઈ ગાવીત-ઓડિટર વલસાડ, (8) કુંતેશભાઈ એસ.ચૌધરી-કંડક્ટર-આહવા, (9) દક્ષાબેન.એસ.ચૌધરી-સ્ટાફ નર્સ-સુરત, (10) દિલીપભાઈ ગોવિંદભાઈ ચૌધરી-એસ.એસ.એ. વઘઈ, (11) જયરામભાઈ આર. ચૌધરી- નિવૃત્ત શિક્ષક, (12) કમળાબેન જે.ચૌધરી-નિવૃત્ત શિક્ષિકા, (13) ગોવિંદભાઈ આર. ચૌધરી-નિવૃત્ત પોલીસનો સમાવેશ થાય છે. આ ગામનાં યુવકો અને યુવતીઓ મોટી સંખ્યામાં ખાનગી તથા સરકારી ક્ષેત્રે નોકરી કરી ગામનું નામ રોશન કરી રહ્યાં છે. જ્યારે અમુક નિવૃત્ત થઈ ગામ સહિત સમાજસેવામાં જોડાઈ ગયા છે.

## કાલીબેલ રેંજમાં પાંઢરમાળ ગામ સહિતનાં જંગલોનો સમાવેશ

ઉત્તર ડાંગ વન વિભાગમાં સમાવિષ્ટ કાલીબેલ રેંજમાં પાંઢરમાળ ગામ સહિતનાં જંગલોનો સમાવેશ થાય છે. અહીં કાલીબેલ રેંજ વિભાગની વનો અને જીવોનાં જાળવણી માટે ઉમદા કામગીરી જોવા મળે છે. ડાંગ જિલ્લાના ઉત્તર વન વિભાગમાં સમાવિષ્ટ કાલીબેલ રેંજ કચેરી કાર્યરત છે. કાલીબેલ રેંજમાં પાંઢરમાળ ગામ સહિતનાં ગામડાં લાગુ પડે છે. સાથે અંદાજિત 17થી વધુ ગામોનું જંગલ પણ લાગુ પડે છે. ઉત્તર વન વિભાગના ડી.સી.એફ. મુરાલીલાલ મિણા(IFS)ના માર્ગદર્શન હેઠળ કાલીબેલ રેંજમાં આર.એફ.ઓ. એસ.એમ.ચૌધરીએ કાલીબેલ રેંજ વિસ્તારનાં ગામડાંની સફળ કમાન સંભાળી છે. કાલીબેલ રેંજના આર.એફ.ઓ. એસ.એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ફોરેસ્ટર, બિટગાર્ડ, રોજમદારો વન વિભાગનું જતન અને સંવર્ધન કરી રહ્યા છે. કાલીબેલ રેંજમાં 11,500 હેક્ટર જંગલ વિસ્તાર આવેલો છે. આ જંગલ વિસ્તારમાં વન વિભાગની ટીમ દ્વારા રાત-દિવસ સઘન પેટ્રોલિંગ કરે છે. તથા દર વર્ષે વન મહોત્સવ અને ચોમાસાની ઋતુમાં રોપાઓનું વિતરણ કરી હરિયાળા ડાંગના સૂત્રને સાર્થક કરાય છે.







(માહિતી સંકલન અને તસવીર ગીરીશ ભોયે, સાપુતારા)